**IMPORTANT NOTICE – TERMS & CONDITIONS OF SALE AND USE:** By opening and using these seeds, you agree to the following terms. If you do not accept, return the unopened package with proof of purchase for a full refund. This product is licensed for planting only in approved regions. The resulting crop may only be used for food, feed, or processing. **RISK OF NON-PERFORMANCE:** Seed performance may be affected by factors beyond ARINO Seeds Private Limited (ARINO) control (e.g., weather, pests, diseases, soil, planting practices). The buyer assumes all such risks. **LIMITATION OF WARRANTIES & LIABILITY:** ARINO warrants only that the seed matches the label description within legal tolerances. No other warranties (express or implied) are given. ARINO is not liable for incidental or consequential damages. Remedies are limited to seed replacement or refund, at ARINO's discretion. Claims must be reported within 30 days of discovery or before harvest, whichever is earlier, and submitted directly to ARINO. Terms may only be changed in writing by ARINO's authorized representative.

**PRODUCED BY: ARINO SEEDS PVT. LTD.,**
SURVEY NO. 456/3, OPP.KISHAN CATTEL FEED, **NEAR SAINT MARRY'S SCHOOL,GUNDALA ROAD, GONDAL-360311 , (GST NO).-24AAHCA4166H2ZR (Website):www.arinoseeds.com**

# ચણા ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિની માર્ગદર્શિકા

### (૧) વાવણી સમય, બિયારણનો દર અને વાવણીનું અંતર :

| અ.નં. | વાવણી સમય | જાત | બિયારણનો દર | વાવણીનું અંતર |
|---|---|---|---|---|
| ૧ | **સમયસર ની વાવણી** | | | |
| | **૧. દેશી ચણા પિયત** (૧ થી ૧૫ નવેમ્બર) | ગુજરાત ચણા-3, ગુજરાત ચણા-૫, ગુજરાત ચણા-૬, ગુજરાત ચણા-૭, ગુજરાત ચણા-૮,અરીનો રાજભોગ,વિક્રમ ફુલે. | નાના દાણા ૬૦-૬૫ કિ.ગ્રા./હેકટર. મોટા દાણા ૭૫-૮૦ કિ.ગ્રા./હેકટર. | ૩૦ x ૪૫ સે.મી. બે ચાસ વચ્ચે (૧૨ થી ૧૮ ઇંચ) |
| | **૨. દેશી ચણા બિનપિયત** (૧૫ થી ૩૦ ઓકટોબર) | | | |
| ૨ | **સફેદ કાબુલી ચણા** (૧૫ થી ૩૦ ઓકટોબર) | ગુજરાત કાબુલી ચણા-૧, ગુજરાત કાબુલી ચણા-૨,અરીનો B-2, અરીનો છોલેપુરી | ૨૫-૩૦ કિ.ગ્રા./વીઘા | ૨૮-૩૦ ઇંચ |

**નોંધ : ચણાના પાકને સારી નિતારવાળી,ગોરાળુ, અથવા મધ્યમ કાળી જમીન વધુ માફક આવે છે. જમીનનો પીએચ આંક ૬.૫ થી ૭.૫ ની વચ્ચે હોવો જોઇએ. વાવણી પહેલા ઊંડી ખેડ કરવી. ચણાના બીજ ને ૩ થી ૫ સેમી ઊંડાઇએ વાવવા જોઇએ. કાબુલી ચણાને સારા ઉગાવા માટે ઓરવીને જ વાવેતર કરવું.કાબુલી ચણા અને રાસાયણિક ખાતર બંને એક સાથે ન વાવવું.**

### (૨) બીજની માવજત :

| અ.નં. | બીજની માવજત | જથ્થો | આપવાનો સમય |
|---|---|---|---|
| **રાસાયણિક / જૈવિક નિયંત્રણ** | | | |
| ૧ | રાસાયણિક ફૂગનાશક થાયરમ / કારબેન્ડાજીમ મેન્કોજેબ | ૧ કિલો | ૨ થી ૩ ગ્રામ/કિલો મુજબ પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |
| | જૈવિક ફૂગનાશક ટ્રાયકોડરમા વીરીડી | ૧ કિલો | ૪ ગ્રામ/કિલો મુજબ પટ આપી બિયારણ ને આખી રાત સૂકવી ઉપયોગ કરવો. |

### (૩) સેન્દ્રિય / રાસાયણિક ખાતર નો જથ્થો અને આપવાનો સમય :

| અ.નં. | સેન્દ્રિય / રાસાયણિક ખાતર | જથ્થો (કિ.ગ્રા./વીઘા.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | છાણિયું ખાતર | ૧૦ ટન/હે | પ્રથમ ખેડ વખતે |
| ૨ | પાયામાં ડીએપી (ના:ફો:પો) | ૨૦ કિલો | (ના:ફો:પો) (૧૮:૪૬:૦૦) |
| ૩ | પાયામાં યૂરીયા (ના:ફો:પો) | ૮ કિલો | (ના:ફો:પો) (૪૬:૦૦:૦૦) |
| ૪ | પાયામાં પોટાશ (એમ.ઓ.પી.) | ૮ કિલો | મ્યૂરેટ ઓફ પોટાશ ૬૦% |
| ૫ | પાયામાં બેનટોનાઈટ સલ્ફર ફાડા | ૪ કિલો | બેનટોનાઈટ સલ્ફર ફાડા ૯૦% |
| ૬ | જીંક સલ્ફેટ | ૨ કિલો | જીંક ૨૧% + સલ્ફર ૧૦% જીંકની ઉણપવાળી જમીન માં દર વર્ષે |
| ૭ | ફેરસ સલ્ફેટ | ૮ કિલો | ૧૯% ફેરસની ઉણપવાળી જમીન માં દર વર્ષે |
| ૮ | બોરોન | ૧ કિલો | બોરોન ૨૦% |

**નોંધ: ફૂલ અવસ્થાએ તથા દાણા બંધાતી વખતે ૨% યૂરીયા (૩૦૦ ગ્રામ/પંપ) નો છંટકાવ કરવાથી ૮-૧૦% ઉત્પાદનમાં વધારો જણાય છે. આમછતાં ખાતરો કેટલા આપવા તે માટે ખેડૂતે પોતાના ખેતરનો જમીનનો નમૂનો લઈ "જમીન ચકાસણી પ્રયોગશાળા" માં પૃથકરણ કરાવી, તેમાં ભલામણ આવે તે મુજબ ખાતરો પાકને આપવાથી ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે અને વધુ બીજ ઉત્પાદન મેળવી સકાય છે.**

**(૪) નીંદામણ :**

| અ.નં. | નીંદણનાશક દવાનું નામ | જથ્થો (કિ.ગ્રા./હે.) | આપવાનો સમય |
|---|---|---|---|
| ૧ | પેન્ડીમિથાલીન | ૧ કિગ્રા સક્રિય તત્વ/હેકટર | પોસ્ટ ઈમરજન્સ (વાવણી પહેલા અને ચણા ઊગે તે પહેલા છાંટવી) |

**નોંધ: વાવણી ના ૨૫ દિવસ પછી હાથથી અથવા આંતરખેડ કરીને નીંદામણ દૂર કરવું.વધુ પડતી વાનસ્પતિક વૃદ્ધિ કે વિકાસમાં નબળા દેખાય તેવા વિજાતીય કે શંકાશીલ લાગતા તમામ છોડ ઉપાડી ખેતર માંથી દૂર કરવા.**

**(૫) પિયત :**

**કટોકટીની અવસ્થાઓ :**

| | | |
|---|---|---|
| ૧ | પ્રથમ | ઓરવાણ કરીને વાવ્યાં પછી તરત |
| ૨ | ડાળી ફૂટવા સમયે | (૨૦ દિવસે) |
| ૩ | ફૂલ બેસતી વખતે | (૪૦-૪૫ દિવસે) |
| ૪ | પોપટા(ફ્રૂટ) બેસતી વખતે | (૬૦-૬૫ દિવસે) |
| ૫ | દાણા બંધાતી વખતે | (૮૦-૮૫ દિવસે) |

**ઉપરોક્ત પિયતની કટોકટીની અવસ્થાઓ પૈકી કોઈ પણ એક અવસ્થાએ પિયત ચૂકી જવાથી ઉત્પાદનમાં સાર્થક ઘટાડો થાય છે.**

**(૬) પાક સંરક્ષણ :**

| રોગ/જીવાત નું નામ | નિયંત્રણ ના પગલાં |
|---|---|
| **રોગ :** | |
| **૧-સુકારો** | વાવણી સમયે બીજને ફૂગનાશક જેમકે કારબેન્ડાજીમ + થાયરમ ( ૧ ગ્રામ+૨ ગ્રામ/કિલો) થી માવજત કરવી જોઈએ. |
| **જીવાત :** | |
| ૧-શીંગો ખાનાર ઇયળ | આ ઇયળના નિયંત્રણ માટે ક્વિનાલફોસ ૨૫ ઇ.સી. ૨૦ મિલી અથવા સાયપરમેથ્રિન ૨૫ ઈ.સી. ૫ મિલી પ્રતિ ૧૦ લિટર પાણી/હેકટર.માં ભેળવીને છંટકાવ કરવો. |
| ૨. સ્ટન્ટ રોગ | ઇમીડાક્લોપ્રીડ ૧૦ મિ.લી. અથવા ડાયમિથીયોએટ ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છાંટવાથી રોગ થતો અટકે છે. |

**(૭) કાપણી અને સંગ્રહ :**

ચણાનો પાક પીળાશ પડતો થાય ત્યારે વહેલી સવારે તેની કાપણી કરવી. મોડી કાપણી કરવાથી ઉત્પાદન અને ગુણવત્તા ઘટે છે. કાપણી કરેલ છોડને સાફ કરેલ ખળામાં લાવી,સુર્યના તાપમાં ૪ થી ૫ દિવસ સુધી સુકાવ્યા બાદ થ્રેસરનો ઉપયોગ કરી દાણા છૂટ્ટા પાડવા.થ્રેસીંગ સમયે ચણાની અન્ય જાતનું મિશ્રણ ન થાય તેની ખાસ કાળજી રાખવી. બિયારણના જથ્થાને સાફસુફ કરીને ગ્રેડિંગ કરવું.બીજના જથ્થાને શણના નવા કોથળામાં ભરી જ્યાં જીવાતનો ઉપદ્રવ ન હોય તેવા ગોડાઉનમાં સંગ્રહ કરવો. સંગ્રહ વખતે બીજમાં ૯ ટકાથી વધુ ભેજ ન રહે તેની ખાસ કાળજી રાખવી.

ARINO SEEDS